# બી.આર.સી. – ગોંડલ

વર્ષ – ૨૦૨૫-૨૬

# વેકેશન ગૃહકાર્ય

## ❁ પ્રેરક ❁

શ્રી એ. પી. વાણવી
નાયબ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
રાજકોટ

શ્રી દિક્ષીતભાઈ એચ. પટેલ
જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને
જિલ્લા પ્રોજેક્ટ કો. ઓર્ડી.
રાજકોટ

## ❁ માર્ગદર્શક ❁

શ્રી વિપુલ એન. પાંચાણી
બી.આર.સી. કો. ઓર્ડી.
ગોંડલ

શ્રી સતીષભાઈ તેરૈયા
તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી
ગોંડલ

## ❁ સંકલન ❁

| | | |
|---|---|---|
| શ્રી પ્રશાંત પી. ગોહેલ | બ્લોક MIS કો. ઓર્ડી. | બી.આર.સી. ગોંડલ |
| શ્રી મનીષાબેન એમ. ગજેરા | સી.આર.સી. કો. ઓર્ડી. | શાળા નં. – ૮, ગોંડલ |
| શ્રી હરેશભાઈ એસ. સરવૈયા | સી.આર.સી. કો. ઓર્ડી. | સુલતાનપુર કુમાર તાલુકા શાળા |
| શ્રી પરાક્રમસિંહ એસ. જાડેજા, | આચાર્ય, | રીબડા પ્રા. શાળા |
| શ્રી અલ્પેશભાઈ જી. વાછાણી, | આસી. શિક્ષક, | અનીડા(ભા.) તાલુકા શાળા |
| શ્રી ચંદ્રકાંતભાઈ નિમાવત, | આસી. શિક્ષક, | નાના મહિકા પ્રા. શાળા |
| શ્રી વિપુલભાઈ વાણિયા, | આસી. શિક્ષક, | દેવડા પ્રા. શાળા |



## ધોરણ – 7 ગૃહકાર્ય

સુજ્ઞ વાલીશ્રી,

ઉનાળુ વેકેશન દરમ્યાન એક જાગ્રત વાલી તરીકે આ આપણી ફરજ છે.

આગામી ઉનાળુ વેકેશનમાં બાળકોને મોજ, મસ્તી, રમત-ગમતમાં લીન રહેવા દો. સાથે સાથે દરરોજ બે-ત્રણ કલાક વાંચન તથા અભ્યાસ કરાવવામાં આવે તો તેનું શિક્ષણ વેકેશનમાં પણ જીવંત રહે. વેકેશનમાં નીચે મુજબની પ્રવૃત્તિઓ બાળકોને અવશ્ય કરવા દઈએ અને તેને પ્રોત્સાહન આપીએ...

# અલગ નોટબુકમાં આ ગૃહકાર્ય લખવું.

- ***વિદ્યાર્થી મિત્રો, નમસ્કાર,***

  ***આગામી ઉનાળુ વેકેશન માટે દરરોજ વાંચન માટે આયોજનનું તમારું ટાઈમ ટેબલ બનાવો. જેમાં તમામ વિષયને આવરી લેવા.***
- ગુજરાતના મંદિરોનો પરિચય પાંચ પાંચ વાક્યમાં લખો.
- 1 થી 15 સંખ્યાઓના વર્ગ અને ઘન લખી પાકા કરવા.
- વેકેશનના દિવસો દરમિયાનનો દરરોજ નો અહેવાલ તૈયાર કરો.
- વેકેશન દરમિયાન તમને શીખવા મળેલ નવી બાબતોનું અથવા વસ્તુઓનું વર્ણન કરો.
- વેકેશન દરમિયાન તમે ફરવા ગયેલ સ્થળ નો પ્રોજેક્ટ ફોટા સહિત બનાવો.
- વૈદિક ગણિત બુક માંથી તમે શીખેલ ગાણિતિક રીતોનું વર્ણન કરો.
- કોઈ એક વિજ્ઞાન વિષય ઉપર આધારિત વાર્તા લખો.
- ભારતના નકશામાં રાજ્ય, કેન્દ્રશાસિત પ્રદેશ તથા ભારતના પાડોશી દેશોના નામ અલગ અલગ કલરથી દર્શાવો.
- ગુજરાતી વ્યાકરણ ના મુદ્દાઓ અલગ અલગ શીખવા. (જેમ કે સમાનાર્થી, જોડણી, શબ્દ સમૂહ, લિંગ પરિવર્તન, વિશેષણ વગેરે.)
- દરરોજ તમને ન આવડતા અલગ અલગ પાંચ સ્પેલિંગ ઉચ્ચાર અને અર્થ સાથે લખવા.
- તમને ગમતું પુસ્તક વાંચો અને તેની પુસ્તક સમીક્ષા કરો.

B.R.C. GONDAL

- દરરોજ જમતા પહેલા ભોજનનું એક કોડિયું તમારી ડીશમાં અલગ રાખી કોઈ પણ પ્રાણીને ખવડાવો.
- સર્વાંગી શિક્ષણના પુસ્તકમાંથી કોઈપણ બે આસન ઉભા અને બેઠા શીખી દરરોજ તમારા જીવનમાં કરવાની સુટેવ પાડો.
- એકાંતર દિવસે વદી વાળા ચાર અંકના સરવાળા, દશકાવાળી ત્રણ અંકની બાદબાકી, ત્રણ અંકના ગુણાકાર અને ભાગાકારના એક એક દાખલા ગણો.
- AMAZON અને FLIPKART જેવી વેબસાઈટ કે એપ્લિકેશન પરથી ઇલેક્ટ્રોનિક્સ 10 વસ્તુના ભાવ ઓનલાઈન જાણી ભાવપત્રક બનાવો અને તેમાંથી પાંચ વસ્તુઓના ભાવનું આલેખ સ્વરૂપે વર્ણન કરો.
- દરરોજ સવારે વડીલોને વંદન કરી તથા કીડીઓને કીડીયારું પૂરો.
- અત્યારના સમયમાં ચાલતી AI સિસ્ટમથી પરિચિત થાઓ.
- જે દિવસે ઘરના સભ્યોને તમે મદદરૂપ થયા હોય તે મદદ અને ઘરના સભ્યોનું નામ લખી યાદી તૈયાર કરો.

B.R.C. GONDAL